**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

**પ્રશ્નપત્ર - ૨**

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**
પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

### વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૩, ૪ (૧૬-૧૭) ૨. ૨, ૩ (૧૧૩,૧૧૪) ૩. ૩, ૪ (૫૫-૫૬)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વચનામૃત શ્રુતિગ્રંથ છે તો સ્વામીની વાતોને શું કહી શકાય ? (૭૨)
જ. વચનામૃત શ્રુતિગ્રંથ છે તો સ્વામીની વાતોને સ્મૃતિગ્રંથ કહી શકાય.
૨. શ્રીજીમહારાજે કરેલ મોહની મૌલિક વ્યાખ્યા લખો. (૬૨)
જ. પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.
૩. ધ્યાનમાં બેઠેલા લોધિકા દરબાર અભેસિંહને ગુણાતીતાનંદ સ્વામીએ શું કહેવડાવ્યું ? (૧૦૩)
જ. 'અમારે મોતૈયાની જરૂર નથી. દરબારને કહેજો કે તમારા ધ્યાન કરતાં અમારું જ્ઞાન કરોડગણું વધારે છે.'
૪. શરદઋતુમાં આકાશ નિર્મળ જોઈ ગુણાતીતાનંદ સ્વામી શું બોલ્યા ? (૧૫૦)
જ. 'આવું અંતઃકરણ થાય ત્યારે જીવ સુખિયો થાય, તેમ સત્સંગ કરતાં કરતાં થાય છે.
૫. આત્મા-પરમાત્મા શું કરવા યોગ્ય છે ? (૯)
જ. આ આત્મા-પરમાત્મા જ દર્શનીય, શ્રવણીય, મનનીય અને નિદિધ્યાસ કરવા યોગ્ય છે.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. 'येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम् ।' (૨)
**જ. બ્રહ્મવિદ્યાનું તાત્પર્ય**
૨. 'સાધન કરી કરીને મરી જાય તોપણ વાસના ટળે નહિ. એ તો મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે છે.' (૧૩૩-૧૩૪)
**જ. સંત થકી સ્વભાવ, વિષય, કસર ટળે**
૩. 'કૂવામાં રાઈના દાણા ભરીએ, ને એક તીરવા સગ્ય ચઢાવીએ, એટલા જીવનું કલ્યાણ કરવું છે.' (૯૮)
**જ. જીવોના આત્યંતિક કલ્યાણની શુભ ભાવના**
૪. 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. (૮૨-૮૩)
**જ. ગુણાતીતાનંદ સ્વામી : સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર**
૫. 'વચનામૃતમાં બધા જ શબ્દો આવી જાય છે. કોઈ વાત અવિદ્વાન રાખી નથી.' (૧૮-૧૯)
**જ. ગુણાતીત ગુરુઓના અભિપ્રાયો**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. **સ્વામીની વાતો એટલે 'વચનામૃત'નું ઉત્તમ ભાષ્ય (અનુક્રમણિકા : ૧૨)** (૧) વચનામૃતના સંદર્ભો સાથે સમજૂતિ (૨) અનેક વચનામૃતોના સારરૂપે કરેલ વાતો (૩) વચનામૃતનાં ગૂઢ રહસ્યોની સ્પષ્ટતા (૪) વચનામૃતના ભિન્ન ભિન્ન ઉપદેશોનું તાત્પર્ય (૫) વચનામૃતના શબ્દોની મૌલિક વ્યાખ્યાઓ

૨. **શ્રીજીમહારાજના ઉપદેશનું પ્રયોજન (અનુક્રમણિકા : ૧૧)** (૧) શ્રીજીમહારાજનું કલ્યાણકારી જીવન (૨) જીવોના કલ્યાણાર્થે જ વાતો (૩) જીવોના કલ્યાણાર્થે શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ (૪) જીવોના કલ્યાણાર્થે ભગવાનના નિશ્ચયની દૃઢતાનો આગ્રહ

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **વચનામૃતની દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી (૫૭-૫૯)** વચનામૃતનો નિરૂપિત વિષય અધ્યાત્મ છે. તેમાં ઇન્દ્રિયોને અગોચર એવાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ જેવાં તત્ત્વો તથા તપ, ત્યાગ, સેવા, સત્સંગ, સંયમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, આશરો, ઉપાસના, જન્મ-મરણ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત, બંધન, મુક્તિ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જેવાં વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ બધાં ગહન અને રહસ્યમય તત્ત્વો-વિષયો બુદ્ધિપ્રતિભાસંપન્ન વિદ્વાનોને પણ સમજવા અતિકઠણ છે, તો સામાન્ય ભણેલ કે અભણ લોકોની તો તેમાં ચાંચ જ ક્યાંથી ખૂંચે ? એ હકીકત છે કે મહારાજની સમક્ષ બેઠેલા શ્રોતાઓમાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુનિબાવા, દીનાનાથ ભટ્ટ જેવા મહાસમર્થ વિદ્વાનો હતા અને સાથે સાથે ગામઠી ગુજરાતી સમજી શકે એવા અશિક્ષિત કે અલ્પશિક્ષિત ગામડાના લોકો પણ હતા. આવા બંને પ્રકારના શ્રોતાની સમક્ષ મહારાજે ગહન તત્ત્વચર્ચા અને અધ્યાત્મ વિષયક વાતોને વિદ્વદ્ભોગ્ય અને લોકભોગ્ય શૈલીનું સંતુલન કરીને સમજાવી છે. મહારાજે અધ્યાત્મની ગૂઢ અને સૂક્ષ્મતપ વાતોને સમજાવવા માટે વિવિધ લૌકિક દૃષ્ટાંતો, મૌલિક દૃષ્ટાંતો, પૌરાણિક આખ્યાનો કે પાત્રો, સત્સંગના સંતો-હરિભક્તોના પ્રસંગો, ઉપમાઓ, રૂપકો, કહેવતો, રૂઢિપ્રયોગો અને તર્ક-દલીલોનો ઉપયોગ વચનામૃતમાં ઠેર ઠેર વિપુલ પ્રમાણમાં કર્યો છે. આ બધાનો ઉપયોગ કરવાની મહારાજની ફાવટ ગજબની છે. એમને જ્યારે, જ્યાં જેને જે સમજાવવું છે; ત્યારે ત્યાં તે વ્યક્તિ અને વિષયને અનુરૂપ જ દૃષ્ટાંત, પ્રસંગ, ઉપમા, રૂપક, રૂઢિપ્રયોગ, કહેવત, કે તર્કનો ઉપયોગ ખૂબ જ ટૂંકમાં અથવા તો વિસ્તૃત રીતે રજૂઆત કરીને એમણે કર્યો છે. તેઓ ક્યારેક કોઈ એક સિદ્ધાંતને સમજાવવા માટે જુદાં જુદાં દૃષ્ટાંતો, પાત્રો કે વસ્તુઓનો ઉપયોગ કરે છે; તો ક્યારેક કોઈ પણ એક જ દૃષ્ટાંત, પાત્ર, પ્રસંગ અને વસ્તુનો ઉપયોગ કરીને જુદા જુદા સિદ્ધાંતો કે બોધપાઠ શીખવે છે. ક્યારેક આ બધી વસ્તુઓનો ઉલ્લેખમાત્ર કરે છે, તો ક્યારેક આબેહૂબ શબ્દચિત્ર રજૂ કરે છે. વચનામૃતમાં આપેલા દૃષ્ટાંતોમાંથી કેટલાંક દૃષ્ટાંતો અહીં નમૂનારૂપે જોઈએ. **પ્ર. ૨૩** - "જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસે અથવા ત્રીજે દિવસે તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ, કાં જે આગલા દિવસનું જળ આગલે દિવસે સૂકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય, તેમ ખાતાં, પીતાં, હાલતાં ચાલતાં તથા શુભ ક્રિયાને વિશે તથા અશુભ ક્રિયાને વિશે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે." **કા. ૧૨** - 'જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહિ; તેમ ગમે તેવો કામાદિકને વિશે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહિ.' **લો. ૧૭** - 'જેમ સર્પે લાળ નાંખી હોય એવું જે દૂધ-સાકર તેને જેણે પીધું હોય ને તે જીવે છે તોપણ ઘડી બે ઘડીમાં, સાંજ-સવારે, આજ-કાલ, જરૂર મરનારો છે; તેમ જે દેહાભિમાની છે તે મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દસ વર્ષે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને, જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જશે.' **મ. ૬** - 'જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો જણાતો નથી પણ રૂપિયા સાચા છે. તે જ્યારે હૂંડી જે શાહુકારની ઉપર

લખી હોય તેને આપે ત્યારે એ હૂંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે, તેમ મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી, પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે; જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ.' **વ. ૧૨** - 'જેમ રાજા હોય તે નપુંસક હોય ને તેનું રાજ્ય જતું હોય ને વંશ જતો હોય, પણ એ થકી તેની સ્ત્રીને પુત્ર થાય નહિ; અને સર્વ મુલકમાંથી પોતા જેવા નપુસંકને તેડાવીને તે સ્ત્રીને સંગે રાખે તોપણ સ્ત્રીને પુત્ર થાય નહિ. તેમ જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા, ભાગવત જેવા સદ્‌ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થતું. અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી એને જે કોઈ પીએ તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખથકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. **અં. ૧૨** - 'જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે; તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય.' ઉપરોક્ત દૃષ્ટાંતો વિચારીએ તો ખ્યાલ આવે છે કે દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંતને સમજાવવાની અદ્‌ભૂત કળા શ્રીજીમહારાજને હસ્તગત હતી. આવાં તો અનેકાનેક દૃષ્ટાંતો અને પ્રસંગો વચનામૃત ગ્રંથમાં જોવા મળે છે. મહારાજે અધ્યાત્મનાં ગહન સત્યોને ખૂબ જ સરળ, રસાળ, અને હળવી શૈલીમાં સમજાવીને સામાન્ય લોકોના જીવનમાં પણ સિદ્ધ કરાવ્યાં છે. **અથવા**

**૨. વચનામૃત : સૂત્રાત્મક ઉપદેશ (૬૩-૬૪)**

જ. શ્રીજીમહારાજના સૂત્રાત્મક ઉપદેશની પણ આગવી અને અજોડ વિશેષતા છે. તેમણે કોઈ પણ વિષયવસ્તુને સરળતાથી સમજાવવા માટે જેમ અતિ કઠિન શબ્દોનો ઉપયોગ નથી કર્યો, તેમ જ ઝાઝા શબ્દોનો પણ ઉપયોગ નથી કર્યો. દરિયામાંથી મોતી મેળવવાં જેમ કઠણ છે, તેમ અતિ વિસ્તારથી ભરેલી વાતોમાંથી જીવનોપયોગી સત્ત્વો ને તત્ત્વો શોધવાં એટલાં જ કઠિન બની જાય છે. તેથી મહારાજે કોઈ પણ મુદ્દાને સમજાવવા માટે નિરૂપણની લંબાઈ વધારી નથી. તેમણે ઉપદેશનો વિસ્તાર વધારીને શ્રોતાને નથી ભૂલા પાડ્યા કે નથી ગૂંચવ્યા. તેમને જે કાંઈ કહેવાનું હતું તે ઓછામાં ઓછા શબ્દોમાં સમજાવ્યું છે. આવશ્યક અને સાર્થક શબ્દોનો જ ઉપયોગ કરીને તેઓ પોતાના ઉપદેશમાં લઘુતા અને સૂત્રાત્મકતા લાવી શક્યા છે. તેમ છતાં ઉપદેશની લઘુતા અને સૂત્રાત્મકતાને લીધે ઉપદેશ જ અગ્રાહ્ય બની જાય એવું પણ થવા દીધું નથી. તેમણે સૌ કોઈને સહજતાથી સમજાય તે રીતે જ લઘુતા અને સૂત્રાત્મકતાથી ઉપદેશ આપેલો છે. આવા સૂત્રાત્મક ઉપદેશના કેટલાક નમૂના જોઈએ : **પ્ર. ૧** ''ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી.'' **પ્ર. ૨૦** ''જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે.'' **પ્ર. ૫૬** ''ઇષ્ટદેવના બળ વિના કોઈ સાધન સિદ્ધ થતાં નથી.'' **પ્ર. ૬૦** ''વાસનારહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.'' **લો. ૭** ''જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'' **મ. ૫૧** ''સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તા રૂપે વર્તે છે.'' **વર. ૧** ''જે કલ્યાણને ઇચ્છે તેને તો મન સાથે જરૂર વૈર બાંધવું.' પ્રત્યેક સાધકને પોતાની સાધનામાં સતત ઉપયોગી આવી સૂત્રાત્મક રત્નકણિકાઓ વચનામૃતના પાને પાને અનેક જોવા મળે છે.

**૩. 'સ્વામીની વાતો' માં પ્રાપ્તિના મહિમાનો ઘૂંટાતો કેફ (૧૪૭-૧૪૮)**

જ. સાધક સાધના દરમ્યાન બળિયા અંતઃશત્રુ સાથે યુદ્ધ કરતાં કરતાં ભાંગી ન પડે, નિરુત્સાહ ન થઈ જાય તે માટે તેણે સતત પ્રાપ્તિનો કેફ માણવો જોઈએ. વસ્તુતઃ તો થયેલ પ્રાપ્તિના કેફમાં અલમસ્ત રહીને જ સાધના કરવાની હોય છે. ગુણાતીતાનંદ સ્વામી અનેક વાતોમાં થયેલી પ્રાપ્તિના મહિમાનો કેફ ઘૂંટાવે છે. જેમ કે, ''આપણને તો બહુ જ લાભ થયો છે, તેનો મહિમા બ્રહ્માના કલ્પ સુધી કહીએ તોપણ પાર આવે નહિ ને ન સમજાય તો ખોટ્ય પણ બહુ છે, તેનો પણ બ્રહ્માના કલ્પ સુધી કહેતાં પાર આવે નહિ.'' (સ્વા.વા. ૪/૮૮) ''ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. ને મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહી પધાર્યા છે. તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતાં મળ્યા છે, કાંઈ બાકી નથી.'' (સ્વા.વા. ૧/૧) ''આટલું જ સમજવાનું છે જે, દેહને મૂકીને જેને મળવું હતું, જેને પામવું હતું, ને બીજા ભક્ત પણ દેહને મૂકીને જેને પામ્યા છે તેને આપણે છતી દેહે જ પામ્યા છીએ. તેના તે જ ભગવાન ને તેના તે સાધુ છે, પણ આપણને જે પ્રાપ્તિ, મહિમા, સુખ ને લાભ થયો છે તેને આપણે ઓળખતા નથી. કેમ જે, ભગવાનની માયાએ બાંધી લીધા છે. ને એ અજ્ઞાન એટલું દુઃખ છે.' આ વાત

વારંવાર પાચં વખત કરી અને દેહને મૂકીને કાંઈ જોવું બાકી રહ્યું નથી, 'દેહને મૂકીને આ મળ્યા છે તેની પાસે જાવું છે. આના આ ભગવાન છે, આના આ સાધુ છે.'' (સ્વા.વા. ૪/૩૦) આ પૃથ્વીના સર્વ જીવ-પ્રાણીમાત્ર રાજા, પ્રજા આદિક છે, પણ જો ઈન્દ્ર વરસાદ ન વરસાવે તો સર્વ મરી જાય. ને તે ઈન્દ્ર છે તે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ આગળ ગણતીમાં નથી, ને એ સર્વે વૈરાટની આગળ ગણતીમાં નથી, ને તે વૈરાટ પ્રધાનપુરુષની આગળ ગણતીમાં નથી. ને એ સર્વે અક્ષરની આગળ ગણતીમાં નથી, અને તે અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ તે આજ આપણને સાક્ષાત્ મળ્યા છે. માટે તેનું બળ રાખવું.'' (સ્વા.વા. ૧/૨૧૭) ''કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને ને કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાનને ને સાધુને પામવા હતા તે આજ આપણને મળ્યા છે.'' (સ્વા.વા. ૧/૨૯૪) ''અલભ્ય લાભ મળ્યો છે અને આત્યંતિક મુક્તિને પામ્યા છીએ અને આજ તો સત્સંગની ભરજુવાની છે, ને આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ આપણને મળ્યો છે. તેમાં રસ ઘણો ને સુગમ પણ છે.'' (સ્વા.વા. ૧/૧૬૩) ''ભગવાનનું ને આ સાધુનું જ્ઞાન જેને થયું છે તેને કાંઈ કરવું રહ્યું નથી. તે તો આંહી છે તોપણ અક્ષરધામમાં જ બેઠો છે. માટે પાંચ માળા વધુ-ઓછી ફરશે તેની ચિંતા નથી, તે તો સામર્થ્ય પ્રમાણે વર્તવું, પણ ભગવાન ને આ સાધુ એ બેને જીવમાં રાખવા. ને આપણે સાધનને બળે મોટાઈ નથી, આપણે તો ઉપાસનાના બળથી મોટાઈ છે.'' (સ્વા.વા. ૧/૨૨૦) ''આ સત્સંગ મળ્યો છે એ તો પરમ ચિંતામણિ મળી છે, તેમાં જીવ બહુ વૃદ્ધિને પામે છે.'' (સ્વા.વા. ૧/૧૬૬) ''આ વણથળી ગામ કોઈકને આપે તો તે ગાંડો થઈ જાય, ને વળી વડોદરું આપે તો વાત જ શી કહેવી ? ને આપણને તો કરોડ કરોડ વડોદરાં મળ્યાં છે, તે એમ પણ કહેવાય નહિ, ને હવે તો દેહ રહે ત્યાં સુધી બાજરો ખાવો અને પ્રભુ ભજવા.'' (સ્વા.વા. ૧/૨૧૫) ''વડોદરાનો ચાંદલો કોઈકને આવે ત્યારે સર્વે તેનાં મોટાં ભાગ્ય માને, તેમ આપણે તો પુરુષોત્તમ નારાયણનો ચાંદલો આવ્યો છે. માટે આપણે તેનો કેફ રાખવો.'' (સ્વા.વા. ૨/૭૭) જો સાધક આવી વાતોનું અમૃત પીધા કરે તો, એના અંતરમાં ક્યારેય શોક, સંતાપ, ઉદ્વેગ અને અશાંતિ રહે જ નહિ. ગમે તેવી અંતર-બાહ્ય સમસ્યાઓમાં કે સંઘર્ષોમાં તેના અંતરમાં પ્રાપ્તિનો અલમસ્ત કેફ રહ્યા જ કરે. **અથવા**

**૪. 'સ્વામીની વાતો' ની વિલક્ષણતા - વિષયવસ્તુની દૃષ્ટિએ (૧૦૯-૧૧૦)**

જ. સ્વામીની વાતોમાં નિરૂપિત વિષયવસ્તુની દૃષ્ટિએ, અન્ય વાતો કરતાં એની આગવી વિલક્ષણતા નજરે ચડે છે. અન્ય પરમહંસોની વાતોમાં વિશેષ કરીને તો શ્રીજીમહારાજનાં લીલા-ચરિત્રોના પ્રસંગો તથા મહારાજે કરેલા પ્રસંગોપાત્ત ઉપદેશ નોંધાયેલો છે. સંપ્રદાયના કોઈ પણ આશ્રિત સંત-હરિભક્તની વ્યક્તિગત પુષ્ટિ માટે આ ગ્રંથો જરૂર ઉપયોગી છે, મુમુક્ષુને માટે પોતાના ઈષ્ટદેવનાં ચરિત્રોનું વાંચન, મનન અને સ્મરણ આવશ્યક છે. એટલે સંપ્રદાયમાં આ ગ્રંથોની મહત્તા તો છે જ, તેમ છતાં એટલું તો સ્પષ્ટ જ છે કે શ્રીજીમહારાજનો હૃદ્ગત્ અભિપ્રાય અને સિદ્ધાંત, શુદ્ધ ઉપાસના અને સ્વરૂપનિષ્ઠા તેમજ સાધનાનું સ્પષ્ટચિત્ર જેવું સ્વામીની વાતોમાં જોવા મળે છે, એવું અન્ય કોઈની વાતોમાં જોવા મળતું નથી. જોકે ગોપાળાનંદ સ્વામીની વાતોમાં સિદ્ધાંત અને ઉપાસનાની વાતો જરૂર છે, તેમ છતાં ગુણાતીતાનંદ સ્વામીની વાતોની તોલે તો ન જ આવે. વળી, સ્વભાવ, દોષો, પંચવિષય પ્રત્યેની આસક્તિ-વાસનાનાં મૂળિયાં ઉખેડવાં, કસરમાત્ર ટાળવા, બ્રહ્મરૂપ થવા માટે જેવી જોરદાર અને ચોટદાર વાતો સ્વામીની વાતોમાં છે; એવી વાતો અન્ય કોઈની વાતોના ગ્રંથોમાં જોવા મળતી નથી. તદુપરાંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો આગ્રહ, તે માટેના ઉપાયો તેમજ સંગ-કુસંગ ઓળખીને કુસંગથી દૂર રહેવાનો આગ્રહ અને કુસંગથી બચવાના ઉપાયોનું માર્ગદર્શન પણ જેવું સ્વામીની વાતોમાંથી પ્રાપ્ત થાય છે, એવું સ્પષ્ટ માર્ગદર્શન પણ અન્ય કોઈની વાતોમાંથી પ્રાપ્ત થતું નથી. સાધનામાં કથા વાર્તાની આવશ્યકતા તથા સત્પુરુષની અનિવાર્યતા વિશે સ્વામીએ જેટલી આગ્રહપૂર્વક વાતો કરી છે, એવો આગ્રહ કોઈની વાતોમાં જોવા મળતો નથી. વળી, વચનામૃતના સિદ્ધાંતો, રહસ્યો સમજવા માટે સ્વામીની વાતો જેટલી ઉપયોગી થઈ શકે તેમ છે, એટલી અન્ય કોઈ વાતો ઉપયોગી થઈ શકે તેમ નથી. આ પ્રકારે અન્ય પરમહંસોની વાતો અને સ્વામીની વાતોનો અભ્યાસ ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી તટસ્થાતાપૂર્વક કરવામાં આવે તો બીજા પરમહંસોની વાતો કરતાં સ્વામીની વાતોમાં નિરૂપાયેલ વિષયવસ્તુ અનેક રીતે તદ્દન જુદી જ તરી આવે છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.**
**(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **વચનામૃતનું પ્રામાણિક સંપાદકવૃંદ (૫૦-૫૧)** મહારાજે પોતે જ પોતાના હાથે આ વચનામૃત ગ્રંથ લખ્યો નથી, પરંતુ તેઓ જે ઉપદેશ આપતા, તે કેટલાક સંતો-ભક્તો નોંધી લેતા હતા. પછી સૌ આશ્રિત જનોની વિનંતીને લીધે સૌને આ સદુપદેશ કાયમ માટે ઉપયોગી બને, તે માટે તેને ગ્રંથસ્થ કરવા માટે મહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ આ ચાર સમર્થ સંતોને આજ્ઞા કરી હતી. આ સંતોને મહારાજે સંપ્રદાયમાં અગ્રેસર સદ્‌ગુરુપદે સ્થાપ્યા હતા. તેમના કારુણ્ય-વાત્સલ્યાદિ સદ્‌ગુણોની સાથે સાથે તેમની સાધુતાસભર વિદ્વતા પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ હતી. તેમની અનેક પ્રકારની આગવી વિશેષતાઓથી સમગ્ર સંપ્રદાય સુપરિચિત છે. મુક્તાનંદ સ્વામીની શુદ્ધ મુમુક્ષુતા, ભગવાનને પામવાની ઝંખના, આજ્ઞા પાળવાની તત્પરતા, નિર્ભેળ સાધુતા અને જ્ઞાનની ઉચ્ચ સ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ. મહારાજ આદર્શ સાધુ તરીકેના ઉદાહરણમાં તેમને અવારનવાર યાદ કરતા. ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગસિદ્ધ યોગીરાજ હોવાથી વિસ્મૃત અર્થોને યોગબળથી સ્મૃતિમાં લાવવા શક્તિમાન હતા. તેમને મહારાજે બંને દેશના ત્યાગીઓને સ્વધર્મમાં વર્તાવવાની અને ત્યાગીઓને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી હતી. નિત્યાનંદ સ્વામી અતિશય વિદ્વાન હોવાથી સમસ્ત શાસ્ત્રાર્થને જાણતા હતા અને સંપ્રદાય સામેના વાદીઓને પરાજિત કરવામાં પ્રવીણ હતા. શ્રીજીમહારાજની સન્નિધિમાં વેદ, વેદાંત અને પુરાણાદિકના વક્તા તરીકે તેઓ સર્વદા વરાયેલા હતા. શુકાનંદ સ્વામી શ્રીજીમહારાજના પત્રલેખનનું કાર્ય કરતા અને પડછાયાની જેમ હંમેશાં એમની સન્નિધિમાં રહીને આજ્ઞાને અનુસરનારા હતા. આમ, ભગવાન સ્વામિનારાયણે કહેલા જ્ઞાનોપદેશોને બરાબર સમજે અને એનું રહસ્ય સમજીને એમના જ શબ્દોમાં રજૂઆત કરવાની સંપૂર્ણ યોગ્યતા અને શક્તિ આ સંતો ધરાવતા હતા. આ સંતો માત્ર સમર્થ વિદ્વાનો જ ન હતા, પરંતુ પ્રત્યક્ષ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીજીમહારાજના આજ્ઞાંકિત અને અનન્ય દાસભક્તો હતા. આ સંપાદક સંતો કાંઈ વેતન લઈને સંપાદન કરનારા માણસો ન હતા, પરંતુ શ્રીજીમહારાજને સમર્પિત સંતો હતા, કે જેમણે કેવળ મહારાજને જ પ્રસન્ન કરવા માટે પોતાના સમગ્ર જીવનમાં એમની આજ્ઞા અનુસાર જ વર્તવાનો પ્રામાણિક પુરુષાર્થ કર્યો હતો. તેમણે જગતનાં માન-મોટપ કે સત્તા-સંપત્તિ-કીર્તિનો તો ત્યાગ કરીને મહારાજનાં ચરણોમાં જીવન હોમી દીધું હતું. તેથી તેમને આ સંપાદનકાર્યમાં પોતાની કોઈ મહત્તા વધારવાનો કે અન્ય કોઈ સ્વાર્થ ન હતો કે જેને લીધે સામાન્ય રીતે વ્યક્તિ ખોટું કરવા પ્રેરાતી હોય છે. તેમણે આ સંપાદનકાર્ય લૌકિક કોઈ પણ અપેક્ષા વગર નિઃસ્વાર્થ અને શુદ્ધ ભાવનાથી કેવળ પોતાના ઈષ્ટદેવ એવા મહારાજને જ રાજી કરવા માટે, તેમજ પોતાના અને અન્યના કલ્યાણાર્થે કરેલું છે. તેઓએ મહારાજને પોતાના ઈષ્ટદેવ માનીને તેમની ભક્તિ-ઉપાસના જીવનભર કરી છે. તેથી તેઓ પોતાના ઈષ્ટદેવને ન ગમે તેવું મન-કર્મ-વચને કોઈ અઘટિત કાર્ય ક્યારેય, ક્યાંય પણ ન કરે તે સ્વાભાવિક છે. મહારાજ સર્વજ્ઞ છે, અંતર્યામી છે, અમારી સાથે જ છે, બધાં જ જુએ છે, જાણે છે, એવા જાણપણા અને અનુસંધાન સાથે વર્તનારા આ પરમહંસોનું સમગ્ર જીવન જ અતિ ઉત્કૃષ્ટ પ્રામાણિકતાથી પૂર્ણ હતું. કદી પણ મહારાજની સાથે છળ-કપટ કે દગા-પ્રપંચના ખેલ રચીને પોતાને ગમતું કંઈ પણ કરવા સ્વપ્નમાંય ન વિચારે તેવા આ પ્રામાણિક, નિષ્ઠાવાન અને પોતાની જવાબદારીથી સંપૂર્ણ સભાન પરમહંસો હતા. એવું એમનાં સમગ્ર જીવન અને વચનામૃતોમાં તેમણે પૂછેલા પ્રશ્નોના અભ્યાસ પરથી જણાયા વગર રહેતું નથી.

૨. **'સ્વામીની વાતો' ની મહત્તા વિશે સ્વામીએ ઉચ્ચારેલાં વચનો (૭૭-૮૦)**

ખાખરાની ખિસકોલીને આંબાની કેરીના રસની શી ખબર પડે ? એમ ત્રણ ગુણોથી ખરડાયેલા જીવોને ગુણાતીતની ગુણાતીત વાતોની મહત્તા ક્યાંથી સમજાય ? આપણને તો બીજાએ કરેલી વાતો જેવી જ આ વાતો લાગે, પરંતુ માયિક જીવોની વાતોમાં અહં-મમત્વ, રાગ-દ્વેષ કે ઈર્ષ્યા-અસૂયાની ગંધ હોઈ શકે. માયાથી પર એવા બ્રહ્મ-પરબ્રહ્મની વાતોમાં આવી કોઈ માયિક ગંધ હોતી નથી. એટલે એ વાતો જીવ સોંસરી નીકળી જાય, જીવનો માયિક કચરો સાફ કરી નાખે, અનંત સંશયોને છેદી નાખે, જીવને વળગેલો જન્મ-મરણનો રોગ ટાળી નાખે, એને નિર્વાસનિક અને બ્રહ્મરૂપ કરી મૂકે. આવી અદ્‌ભુત વાતોનો મહિમા તો ગુણાતીતાનંદ સ્વામી પોતે કહે તો જ એમાં આપણી કંઈક દૃષ્ટિ પહોંચે. તેથી તેઓ નિખાલસભાવે પોતે કરેલી વાતોની મહત્તા અને વિશેષતા ક્યારેક ક્યારેક કહેતા. એમાંથી કેટલીક વાતો અહીં વિચારીએ.

**વાતોની મહત્તા :** સ્વામી પોતાની વાતોનો અદ્‌ભુત મહિમા સમજાવતાં કહે છે : **૧.** ''આ તો પુરુષોત્તમનાં વચન છે ને ગુણાતીત વાતું છે.'' (સ્વા.વા.૧/૧૩૧) **૨.** ''આ તે કાંઈ વાતું છે ! આ તો અમૃત છે.''

(સ્વા.વા.૬/૨૨૧) **૩.** આ તો અક્ષરધામની વાતું છે, ભગવાનની છે, નારાયણની છે.'' (સ્વા.વા.૪/૩૫)

**વાતોનું સામર્થ્ય :** અક્ષરધામની અમૃતરૂપ વાતોનું સામર્થ્ય જણાવીને એનાથી પ્રાપ્ત થતા લાભ અને ફળની વાત કરતાં સ્વામી કહે છે : **૧.** ''આ વાતુંમાંથી તો બ્રહ્મરૂપ થવાશે, ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે, ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે. ત્યારે કહેશો જે, વાતું સાંભળીએ છીએ ને કેમ થાતું નથી ? તે તો આજ આંબો વાવે ને કાલે કેરી કેમ થાય ? પણ એ જ આંબો દસ વરસનો થાય ત્યારે એમાંથી કેરિયું થાય છે. એમ થાવાનું છે.'' (સ્વા.વા.૧/૩૩) **૨.** ''આ વાતું તો અનંત સંશયને છેદી નાખે એવી પુરુષોત્તમ ભગવાનની છે.'' (સ્વા.વા.૧/૨૩૧) **૩.** ''આ વાતું ફરીને જન્મ થાવા દે તેવી નથી.'' (સ્વા.વા.૪/૫૩) **૪.** ''આ વાતું તો જેના ભૂંડા આશય હશે તેને દબાવી દઈને પણ ઉપર નીકળે એવી છે.'' (સ્વા.વા.૧/૩૦૨) **૫.** ''આ વાતું તો જાદુ છે તે સાંભળે તો ગાંડો થાય. તે ગાંડો તે શું ? જે જગત ખોટું થઈ જાય, પછી તેને ડાહ્યો કોણ કહે ?'' (સ્વા.વા.૧/૧૩૬)

**કરોડો સાધનો કરતાં આ વાતો અધિક :** ગુણાતીતાનંદ સ્વામી, પોતાની આ વાતો તો બીજાં કરોડો સાધનો કરતાં પણ અધિક છે તેવું સમજાવતાં કહે છે : **૧.** ''કોટિ સાધન કરે પણ આમ વાતું કરવી અને સાંભળવી તેની બરોબર થાય નહિ.'' (સ્વા.વા.૧/૨૨૬) **૨.** ''કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતુંના જેટલો સમાસ ન થાય, જો વિચાર હોય તો.'' (સ્વા.વા.૬/૧૯૮) **૩.** ''આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે.'' (સ્વા.વા.૩/૬૭) **૪.** ''સુકાઈ જાઓ, અન્ન મૂકી દિયો, વનમાં જાઓ કે ઘર મૂકી દિયો, તે કરતાં પણ આ સાધુની વાતું સાંભળવી તે અધિક છે.'' (સ્વા.વા.૧/૧૩૧)

**વાતોની દુર્લભતા :** કરોડો સાધનો કરતાં પણ અધિક અને જાદુ જેવી આ ગુણાતીત વાતો દુર્લભ છે, એવું સ્વામી પોતે જ કહે છે : **૧.** ''આ વાતું દુર્લભ છે.'' (સ્વા.વા.૬/૨૪૭) **૨.** કરોડ રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહિ.'' (સ્વા.વા.૧/૧૯) **૩.** આવી વાતું બીજે ક્યાંય નથી.'' (સ્વા.વા.૪/૩૫) **૪.** ''આવી વાતું ક્યાંય થાતી નથી.'' (સ્વા.વા.૫/૧૫૫) **૫.** ''આ વાતું તો કોઈને મળી નથી.'' (સ્વા.વા.૬/૧૯૩) **૬.** ''આ વાતું સારું તો પછી રોશો.'' (સ્વા.વા.૬/૨૩૦)

**દુર્લભ વાતોના કરનારા પણ દુર્લભ :** આવી દુર્લભ અને ગુણાતીત વાતો કરનારા પણ દુર્લભ છે એવું સ્વામી પોતે જ કહે છે : **૧.** ''આ વાતુંના કરનારા દુર્લભ છે.'' (સ્વા.વા.૧/૨૪૬) **૨.** બ્રહ્માંડમાં આવા સાધુ ખોળી લાવો, ક્યાં મળશે ? ને આમ બેસારી બેસારીને વાતું કોણ કરશે ?'' (સ્વા.વા.૬/૨૧૮) **૩.** ''આવી વાત કોણ કરે ? કોઈ કરશે તો સુધી જન્મમરણની કરશે. ને આ તો મનના ને ઇન્દ્રિયુંના દોષ કહેવા તે એ કેને એની ખબર હોય ?'' (સ્વા.વા.૬/૧૮૯) **૪.** ''આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા જન્માંતરમાં પણ કરી શકે નહિ, ને તે કરતાં પણ આવડે નહિ, ને જન્મારો અભ્યાસ કરે તોપણ એવી વાત શિખાય નહિ.'' (સ્વા.વા.૧/૨૧૯) **૫.** ''બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહિ.'' (સ્વા.વા.૧/૨૨૬)

**આ વાતો સાંભળવાનું મૂલ્ય :** આવી અલૌકિક અને દુર્લભ વાતો કેટલું મૂલ્ય ચૂકવીને પણ સાંભળવી જોઈએ, તે સમજાવતાં સ્વામી કહે છે : **૧.** ''સોનાની મેડી હોય તો બાળીને આ વાત સાંભળીએ.'' (સ્વા.વા. ૬/૨૪૭) **૨.** સોનાનાં ખોરડાં બાળીને આ વાતું સાંભળવી.'' (સ્વા.વા.૬/૨૪૮) **૩.** રોટલા ખાવા મળે છે, પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ અથવા લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે.'' (સ્વા.વા.૨/૪૪) ઉપરોક્ત સર્વે વાતોમાં ગુણાતીતના મુખે ગુણાતીત વાતોનો ગવાયેલો મહિમા છે. આ વાતો વાંચતાં પ્રતીતિ થાય છે કે અક્ષરધામ સુધી પહોંચવાનાં પગથિયાં જેવી આ બધી વાતો ખરેખર અક્ષરધામની વાતો છે. અક્ષરધામનું જ દિવ્યામૃત છે. જેમણે જેમણે આ વાતો સાંભળી છે કે વાંચી છે, તેમનો પણ આ જ અનુભવ છે.

## વિભાગ : ૨ 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે

**નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. ગોંડલ મંદિરનો વિસ્તૃત ઈતિહાસ**

૧. રૂા. ૨૫,૦૦૦ માં હરિભાઈ અમીને મહારાજાએ મૂકેલી શરતો સાથે અક્ષર દેરીની જમીન લઈને સ્વામીશ્રીને અર્પણ કરી. ૬૦૮ થી ૬૧૦
૨. અક્ષર મંદિરનું ખાતમુહૂર્ત ૬૧૯
૩. ૫૦-૬૦ ફૂટ ઊંડા ખાડામાં સ્વામીશ્રી ઊતરતા - સ્વામી વિજ્ઞાનદાસજી. પાનેલીની ખાણમાંથી પથ્થર કઢાવતા. ૬૨૬
૪. અક્ષર દેરીના સ્થાન પર રહેતા મોહન ભગતને આંબલીના પાંદડે પાંદડે મહારાજ અને સ્વામીનાં દર્શન - ખોજાઓ ડરીને ભાગી ગયા. ૬૨૭-૬૨૯
૫. અક્ષર મંદિરના બાંધકામ માટે ખોટી ફરિયાદ કરનારને મહારાજાએ કરેલો રૂા. ૫૦ નો દંડ. ૬૨૯-૬૩૧
૬. અક્ષર મંદિરની કલાત્મક યોજના. ૬૩૭-૬૩૮
૭. જ્યાં ગાગરથી સાગર ભરાય - અમદાવાદના હરિભક્તોએ ગોંડલ મંદિરના બાંધકામમાં મુખ્યપણે ભાગ લીધો. ૬૫૧
૮. મિસ્ત્રી મનસુખભાઈની સેવા. ૬૫૨-૬૫૩
૯. અક્ષર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠોત્સવ ૬૫૩-૬૬૦

**૨. વઢવાણમાં અક્ષરપુરુષોત્તમની પ્રતિષ્ઠા**

૧. વઢવાણ વિરુદ્ધ મૂળીમાં સભા ૨૩૯-૨૪૧
સ્વામીશ્રીનો સ્વામી બાલમુકુન્દદાસજીને પત્ર - તમારો કાગળ મળ્યો હતો. તેનો બરોબર અમલ કર્યો.
- સ્વામી બાલમુકુન્દદાસજીનો જવાબ
૨. વઢવાણમાં મૂર્તિપ્રતિષ્ઠા : પ્રથમ દિગ્વિજય ૨૪૨
- મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ પધરાવવાનો વિરોધ થાય તો બાજુના ખંડમાં પધરાવવાનો સ્વામીશ્રીનો હરિભક્તોને આદેશ. ૨૪૩
- જૂનાગઢના ઈશાનંદ બ્રહ્મચારી અને મોડજી દરબારના વચને કુંજવિહારીપ્રસાદનું અંતઃકરણ ફરી ગયું. ૨૪૩
- સ્વામીશ્રીના હરિભક્તોની આચાર્ય મહારાજ આગળ રજૂઆત, ‘જો તમે વચનભંગ કરશો તો મહારાજ અને સ્વામીના દ્રોહી ઠરશો.’ - અંતે બાજુના ખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. ૨૪૪
૩. વસોના જૂનવાણી હરિભક્તોની શાસ્ત્રીજી મહારાજ વિરુદ્ધ ફરિયાદ ૨૪૪
- રાત્રે ૯ વાગે ભાઈલાલભાઈ વઢવાણનો તાર લઈ વરતાલ પહોંચ્યા. ૨૪૫
- કોઠારીનો સંકલ્પ ‘મારી હયાતીમાં તો અક્ષરપુરુષોત્તમ ન બેસાડવા.’ શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ : ‘કોઠારીની હયાતીમાં જ અક્ષરપુરુષોત્તમ દેવ પધરાવવા.’ - કોઠારીના ઉદ્‌ગાર, ‘શ્રીજી કરે તે ખરું.’ ૨૪૬
૪. વરતાલમાં આસને આસને મંત્રણાઓ ૨૪૭
- આચાર્ય લક્ષ્મીપ્રસાદજીને પઢરીમાં મળેલા સમાચાર. ૨૪૮

**૩. શાસ્ત્રીજી મહારાજને જાગા સ્વામીનો મહિમા**

૧. વરતાલ જાગા ભક્તની સેવામાં જાદરિયાના લાડવાનું શિખર કરી અર્પણ. ૯૦-૯૧
૨. ઉપાસનાના શિખરો આ સાધુ દ્વારા જ કરાવવાનો જાગાભક્તનો સંકલ્પ. ૯૧
૩. રાજકોટમાં વિદ્યાધ્યયન અને જૂનાગઢમાં જાગા સ્વામીનો યોગ. ૧૬૯-૧૭૦
૪. જાગા ભક્તની બંધી તોડી. ૧૭૩-૧૭૫
૫. જીભાઈ કોઠારીને જાગા સ્વામીનો અપાર મહિમા કહ્યો. ૧૭૬-૧૭૮
૬. છેલ્લી સેવા આપવાનું જાગા સ્વામીનું વચન. - જાગા ભક્તની સેવાનો મહિમા - (ભગતજી મહારાજની સેવા કર્યા બરાબર) ૧૯૧
૭. દ્રાવિડ દેશના શાસ્ત્રીને જાગા સ્વામીનો પરિચય કરાવ્યો. ૨૦૫-૨૦૬
૮. ડાંગરામાં જાગા ભક્તનો અંતિમ મંદવાડ અને સ્વામીશ્રીની સેવા. ૨૧૩

પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભગતજીના મુખે યજ્ઞપુરુષદાસનો મહિમા**

૧. યજ્ઞપુરુષદાસજી ભગતજીના કોડીલા લાલ. ૭૫
૨. ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ. ૭૭
૩. યજ્ઞપુરુષદાસ તો કાપિયું વ્યાજ કાઢનારા છે. ૧૦૨
૪. આ મંડળમાં બે જીવતા જીવ છે. ૧૦૯
૫. 'એ બધાનું કપટ આ નાના સાધુ જેવું છે તેવું કહેશે માટે તેમને પૂછો.' ૧૧૨
૬. આ નાના સાધુ પાસે હજુ વધારે કપટ છે માટે કઢાવો. ૧૨૫
૭. સાધુ બહુ સારા છે. લોકોની પાસેથી લેતાં આવડે છે. ૧૨૬
૮. આ સાધુ નેત્ર મીંચી ભગવાન આગળ કેવા મુજરા કરે છે માટે આવા સાધુ થવું. ૧૨૭
૯. તે તો ઠાકરિયો વીંછી છે તે જ્યાં જશે ત્યાં મુમુક્ષુને ચટકા મારીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતની ઓળખાણ કરાવી દેશે. ૧૪૭
૧૦. આ નાના સાધુએ જે વાતો કરી તે પેટ ઠરી ગયું છે. ૧૬૨
૧૧. થોડી વાતમાં સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત લાવી મૂક્યો. 'રંગ છે સ્વામી !' ૧૬૩
૧૨. 'આ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી બહુ જ બુદ્ધિશાળી છે.' રાવ સાહેબને કહ્યું. ૧૬૩
૧૩. 'આ તો તમારાં અંતર સાફ કરવાની સાવરણી છે.' ૧૬૮
૧૪. 'તમોને જેમ સુખિયા રહેતાં આવડે છે તેમ બીજા સર્વેને સુખિયા કરશો.' - ભગતજીએ કરેલી આજ્ઞા. ૧૮૮

**૨. અજાતશત્રુ શાસ્ત્રીજી મહારાજ**

૧. વરતાલ સભામાં સર્વ સંતને દંડવત્ કરી માફી માગી. ૧૦૧
૨. ડભોઈમાં મોરલીધરદાસ પુરાણીએ હરિભક્તોમાં અસંતોષ ફેલાવેલો હોવા છતાં પુરાણીની શંકાઓનું નિરાકરણ કર્યું. ૧૪૬
૩. રાજકોટમાં વિરોધના જવાબ સામે પણ મૌન. ૧૭૧,૧૭૨
૪. જૂનાગઢમાં સત્સંગિજીવનની કથા પૂર્ણાહૂતિમાં દ્વેષીઓના ઉકળાટ સામે સિંહગર્જના પણ પ્રથમ પૂજન પુરાણી હરિદાસનું કરાવ્યું. ૧૭૯,૧૮૧,૧૮૨
૫. વડોદરામાં યજ્ઞપુરુષદાસજી કથા કરતા હતા તે બંગલો બાળી દેવા તૈયાર થયેલ સાધુઓ સામે ફરિયાદ ન કરી. અમારે તેમની સામે રોષ નથી.' ૨૨૬-૨૨૭
૬. માયાનો સર્વત્ર ઉપાડ 'ધાર્યું તો એક શ્રીજીમહારાજનું જ થાય છે.' ૨૨૭-૨૨૮
૭. ભેખધારી કોશ અને કોદાળો લઈ તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે. ૨૩૮-૨૩૯
૮. શાસ્ત્રીજી મહારાજની સભામાં દ્વેષી દ્વારા માટલું ફોડવામાં આવ્યું - અગાઉ મરચાંની ધૂણી કરવામાં આવી હતી. ૨૭૨
૯. ખીચડીમાં ઝેર આપવામાં આવ્યું - ચૂલામાં (આગમાં) નાખી દેવાનો પ્રયાસ. ૨૭૫-૨૭૬
૧૦. વરતાલથી પ્રસ્થાન કરતી વખતે પોલીસ પટેલ દ્વારા ઉપાધિ કરાવનારને નડિયાદ(જેલમાં) મોકલવા અંગે કહ્યું - શાસ્ત્રીજી મહારાજ કહે, આપણો તો સાધુનો માર્ગ છે. કાંઈ કરવું નથી. ૨૮૩
૧૧. મંદિર તથા દેવથી આપણે જુદા પડતા નથી. ૨૮૪
૧૨. દ્વેષ અને દ્રોહને કારણે લકવાથી પીડાતા ચીમનલાલ ક્રિપાશંકરને દર્શન દઈ દુઃખ મુક્ત કરી દેહ છોડાવી દીધો. ૨૯૮
૧૩. આણંદમાં દ્વેષી મંડળના સાધુઓ માટે કેશવલાલભાઈને સ્વામીશ્રીએ કહેલા શબ્દો, 'આ અન્યાય મહારાજ સાખશે નહિ.' ૨૯૬
૧૪. 'અમે તથા વરતાલ એક છીએ.' - જગદ્‌ગુરુ શંકરાચાર્ય માધવતીર્થને સ્વામીશ્રીએ આપેલો જવાબ. ૩૦૪
૧૫. અમદાવાદ મંદિરમાં સ્વામીશ્રીને લોટો મારનાર બ્રહ્મચારીને આસને જઈ તેની બળતરા દૂર કરવા માટે મહારાજને કરેલી પ્રાર્થના. ૩૮૮-૩૯૦
૧૬. લક્ષ્મીપ્રસાદે આપણા ઉપર ઉપકાર કર્યો છે. ૫૧૩

૧૭. ગિરધર બારોટને ક્ષમા આપી બળતરા મટાડી. ૫૬૬
૧૮. ચાણસદમાં સ્વામીશ્રીને મારવા આવેલા પાર્ષદોને કાલીદાસભાઈ પાસેથી છોડાવ્યા. ૬૬૮
૧૯. કૃષ્ણપ્રિયદાસે શાસ્ત્રીજી મહારાજને બરડામાં અને કૂખમાં લાકડી મારી - લાકડીના બે કટકા થઈ ગયા તે સ્વામીશ્રીએ તેમને પાછા આપ્યા. ફરિયાદની ના પાડી. સાધુને માર તો શણગાર કહેવાય. ૪૦૫-૪૦૭
૨૦. બામણગામમાં સંતોને મારવા આવેલા પાર્ષદોને શનાભાઈએ બોસરદની પોલીસ કસ્ટડીમાં પૂર્યા હતા તે છોડાવ્યા. ૬૭૦

**૩. શાસ્ત્રીજી મહારાજની નિર્ભયતા**

૧. વિજ્ઞાનદાસજીનો ખુલ્લો પક્ષ - લોટો ઊટકી ચોખ્ખા પાણીથી વીછળી પાણીના ટાંકામાં બોળ્યો છે. ૬૦
૨. ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીની શંકાનું નિવારણ કર્યું. ૭૨
૩. પુરાણી શ્વેતવૈકુંઠદાસજીને કહ્યું, ''અમારે વિમાનની જરૂર નથી. મહારાજ અને અક્ષરધામ છેટાં જ ક્યાં છે ? ૮૮
૪. ત્ર્યંબકલાલને ભગતજી બ્રહ્મસ્વરૂપ છે. તેની વાત કરી. ૧૦૦
૫. મહુવામાં વિઠ્ઠલભાઈને વચ. પ્ર. ૨૭ પ્રમાણે ભગતજીએ ઓળખ કરાવી. ૧૧૨
૬. બહાર નીકળ્યા તો અમને તમારો સંગ થયો. ૧૨૨
૭. હું તો છાણાં વીણી ભેગાં કરી આપું, પણ મારાથી ચાર-પાંચ મણ ભાર ઊંચકાય નહિ. - શાસ્ત્રીજી મહારાજ - ભગતજીને. ૧૨૫
૮. 'પેટ ફાટી જાય એટલું ખવરાવ્યું છે અને કહ્યું છે તમારે વશ છું' માટે આજે તો મળવું પડશે. - શાસ્ત્રીજી મહારાજ - ભગતજીને ૧૩૧
૯. કોઠારી ગોવર્ધનભાઈનું વારંવાર ઘસાતું બોલતા હતા તેથી વડોદરામાં નિરન્નમુક્તદાસને સભામાંથી બહાર કાઢ્યા. ૧૩૫
૧૦. પુરાણી મોરલીધરદાસને નીડરતાથી ભગતજીનો મહિમા સમજાવ્યો. ૧૩૮-૧૪૫
૧૧. મારે માટે બંધી નથી. - આજે તમે મારી ભૂલ સમજાવી દીધી.- કોઠારી ૧૭૪-૧૭૬
૧૨. ગુરુ થવાનો અધિકાર કાંઇ એકલા ભગવાધારીઓએ જ રાખ્યો નથી. જૂનાગઢમાં સત્સંગિજીવનની કથા. ૧૮૧
૧૩. અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવો તો વઢવાણમાં તમે જે પ્રકારે માંગો તે મદદ કરીએ. ૨૨૧-૨૨૨
૧૪. કોઠારી ગોવર્ધનભાઈને સ્વામીશ્રીનો જવાબ : લોકો જો તણાય અને ઐશ્વર્ય પ્રતાપ દેખે તો તે શ્રીજીનું જ કર્તવ્ય છે. ૨૩૮
૧૫. શ્રીજીની આજ્ઞા અનુસાર તેમનો મહિમા કહેવામાં ઉપાધિથી બીવું નહિ. - શાસ્ત્રીજી મહારાજ - કોઠારીને ૨૩૯
૧૬. સ્વામી બાલમુકુન્દદાસને પત્ર - અમારે તો સત્સંગમાં બોલવાપણું કાંઇ રહેશે નહિ. ૨૪૦
૧૭. શ્રીજીએ જ કર્યું છે. - શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ કોઠારી ગોવર્ધનભાઈને. ૨૪૬
૧૮. અમો સ્વામિનારાયણને સર્વોપરી અને પ્રગટ ભગવાન માનીએ છીએ, એટલે તેમના આશ્રિત થયા છીએ. ભાદરણના વૈષ્ણવ હરિભક્તને. ૨૬૩
૧૯. સંવત ૧૯૬૦માં ભીમજી કોઠારીએ સ્વામીશ્રી વિરુદ્ધ ઘણી ઉપાધિ કરી છતાં સ્વામીશ્રી તો નિર્ભયતાથી પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી સારંગપુર મંદિરનું અધુરું કાર્ય જલદી પૂરું કરવાની સૂચના આપી. ૨૨૭-૨૨૯
૨૦. જગદ્‌ગુરુ શંકરાચાર્ય માધવતીર્થને - 'તમારી સામે તો અમે અને વરતાલ એક છીએ.' ૩૦૪
૨૧. બોચાસણના મુખી હીરાભાઈને - તમારું એકેય વર્તમાન ચોખ્ખું નથી. મહારાજની આજ્ઞા પ્રમાણે અમારાથી જમાય નહિ. ૩૧૦
૨૨. દોલાભાઈને - ગ.મ. ૨૧નું વચનામૃત વરતાલવાળા કબૂલ રાખે તો ભેગા થવામાં અમારે કોઈ વાંધો નથી. ૪૧૨
૨૩. આ ફોટાની વાત કોઇએ બહાર પાડવી નહિ. ફોટો સંતાડીને મૂકી દેવો. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશો તો ફોટો ફાડીને હું ફેંકી દઇશ. - શાસ્ત્રીજી મહારાજ - પુરુષોત્તમદાસ અને ઝવેરભાઈને ૪૨૩
૨૪. લીંમડીના ઠાકોર સાહેબને - 'અમારા ઈષ્ટદેવ તો શ્રી સહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જ છે અને તેમની જ મૂર્તિઓ મધ્ય મંદિરમાં બેસશે. ૪૨૬
૨૫. શ્રીમંત સરકારને ઉપદેશ - તમે હવે વનમાં પ્રવેશ કર્યો છે. તો રાજ્યની ઉપાધિનો ત્યાગ કરો. ૪૫૩

૭૦૨

૨૬. તમારો બ્રાહ્મણનો દેહ તેથી જીવ ટૂંકો એટલે તમને એવા વિચારો આવે પણ અમારે તો મોટું મંદિર કરવું છે. ૪૭૭
૨૭. ગાંધીજીને - ધર્મ નિયમ પાળશો તો ભગવાન ભેળા રહેશે. ૫૯૭
૨૮. આ તો શેષનાગને માથે ખીલી છે. બેચર કિસા પાસે મંદિર માટે જમીનનની માંગણી નીડરતાથી કરી. ૬૦૨

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ :૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **ચરણારવિંદ પાડનાર શ્રીજીમહારાજ એને આપીશ (૭૬-૭૮) પ્રસંગઃ** યજ્ઞપુરુષદાસ પાસેથી સારાં ચરણારવિંદની જોડ લેવા માટે રામરતનદાસે મેળવવા માટે ઘણી તકરાર અને સિફારસો કરાવી પણ નિયમ અનુસાર યજ્ઞપુરુષદાસે તે જોડ આપવાની ના પાડી દીધી. છેવટે રામરતનદાસે ભગતજીને રડતાં રડતાં વાત કરી કે મને યજ્ઞપુરુષદાસ પાસેના ચરણાવિંદ બદલી આપો. ભગતજીએ યજ્ઞપુરુષદાસને જોડ બદલી આપવાની વાત કરી ત્યારે સ્વામીએ ભગતજી જેમ રાજી થાય તેમ કરવા કહ્યું. ત્યારે રામરતનદાસે જોડ બદલવાને બદલે આખી જોડ લઈ લેવાની વાત કરી. આથી ભગતજી ઉદાસ થઈ ગયા. ત્યારે સ્વામીએ કહ્યું : 'આપ રાજી થાવ તો આખી જોડ આપું. ભગતજીનું વચન પાળવા યજ્ઞપુરુષદાસે તરત જ આખી જોડ લાવીને આપી દીધી. આમ સત્પુરુષને રાજી કરવા તેમણે બધું જ અર્પણ કરી દીધું. ભગતજીએ રાજી થઈને તેમના માથે બે હાથ મૂક્યા. વિહારીલાલજી મહારાજને આ વાતની ખબર પડતાં તેમણે ભગતજીને ઠપકો આપતાં કહ્યું : 'તમે સત્સંગનો વ્યવહાર સમજો નહિ. વિજ્ઞાનાનંદ સ્વામીનું મંડળ ચલાવનારને ચરણારવિંદની જરૂર પડે ને ચરણારવિંદ હોય તો જ સાધુ ભેગા રહે. ત્યારે ભગતજીએ કહ્યું : 'ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ. એટલે ઘણા સાધુ તેમની પાસે રહેશે. તમે તેની ફિકર કરશો નહિ. આચાર્ય મહારાજને ભગતજીની બ્રહ્મસ્થિતિ અને મહારાજના સ્વરૂપ સાથેની અખંડ સંલગ્નતાનો તેમને ખ્યાલ હતો. તેમને પ્રતીતિ થઈ કે ભગતજી આ સાધુને શ્રીજીના ધારક બનાવી દેશે. એટલે તેમણે ભગતજીને કહ્યું : 'ભલે, તમારો રાજીપો હોય તેમ કર્યું તે ઠીક કર્યું.
**મનન :** સત્પુરુષને રાજી રાખીને જો કાર્ય કરીએ સત્પુરુષ અને ભગવાન બંને ભગવાન રાજી થાય છે. તેનાથી મોટી પ્રાપ્તી થાય છે.

૨. **શેષનાગને માથે ખીલી ! (૩૩૩-૩૩૪)** બોચાસણ મંદિરના દરવાજા માટે વધારાની જમીન જોઈતી હોવાથી સ્વામીશ્રીએ મુખી, ઝવેરભાઈ તથા ગામના આગેવાનોને બોલાવી વાત કરી. મુખીને ખ્યાલ હોવાથી કહ્યું : 'ભાગોળની જમીન છે એટલે એક તસુ પણ મળવા સંભવ નથી.' સ્વામીએ દૃઢતાપૂર્વક કહ્યું :'ગમે તેમ કરીને થોડી જમીન લીધા સિવાય ચાલશે નહિ. છેવટે કોઈમાં પ્રવેશ કરીને પણ દરવાજા માટે જમીન તો લેવી જ પડશે.' આથી હાથીભાઈ મોટાએ મતાદાર ધનજીભાઈને કહેવરાવ્યું : 'સ્વામીશ્રીએ મંદિરનો દરવાજો કરવા ગામની ભાગોળની જમીનની માગણી કરી છે. તો આપીને રાજી કરી લો.' ધનજીએ માન્યું નહિ અને વાત ગામમાં ફેલાવી દીધી. સવારે બેચર કિસા જ્યાં પાયા ખોદવાના હતા ત્યાં આવીને સ્વામીશ્રીને ગાળો બોલવા લાગ્યો. 'આ બાવો ગામમાં આવ્યો છે ત્યારથી કોઈને જંપવા દેતો નથી.' સ્વામીશ્રીએ તો શાંતિથી કહ્યું : 'ગમે તેમ કરીને અમારે જમીન લેવી છે. વળી મંદિરનું કામ છે. તે તમારે આપવી જોઈએ.' સ્વામીશ્રીના વચનથી તેમનું અંતઃકરણ ફર્યું અને છ દંડા ભરી જમીન માપી દીધી. સ્વામીશ્રીએ ત્રિકમ મિસ્ત્રી પાસે ખૂંટીઓ મરાવી દીધી. ધનજી મતાદારથી રહેવાયું નહિ. તે ખૂંટીઓ કાઢવા ગયો ત્યારે સ્વામીશ્રીએ ના પાડતા કહ્યું : 'રહેવા દ્યો. આ તો શેષનાગને માથે ખીલી છે !' તો પણ તેમણે ખૂંટી કાઢી તો તે લોહીથી ખરડાયેલી હતી. બીકના લીધે તેના હાથમાંથી ખૂંટી પડી ગઈ. વિરોધીઓના ટોળાએ પણ આ જોતાં વિચાર્યું વિરોધ કરીશું તો આપણું અનિષ્ટ થઈ જશે. તેથી તેઓ જતા રહ્યા. બેચર કિસાએ સ્વામીશ્રીની માફી માંગી. ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યુંઃ 'હવે મંદિરના કામમાં વિરોધ નહિ કરો, તો મહારાજ તમારા ઉપર અખંડ રાજી રહેશે.' કાઢેલી ખૂંટી પાછી નાખી પાયાનું કામ નિર્વિઘ્ને પતાવી દરવાજો ચણવાની શરૂઆત કરી. **મનન :** ભગવાનની કૃપાથી સત્પુરુષ પણ ધારે તે કરી શકે છે. આપણે તેમની રૂચિમાં ભળી જઈએ તો ભગવાન અને સંત રાજી થાય. જીવનું કલ્યાણ થાય.

૩. **સેવા અને તપની મૂર્તિ (૪૯-૫૦)** વડોદરા સમૈયામાં દેહને ન ગણતા જે કોઈ સેવા ચીંધે તે કરવા મંડી પડતા. રસોઈનાં વાસણો ઊટકી નાખતા. ક્યારેક વાસણો મોટાં અને સેવક છોટા, એટલે સેવકને ઊંડા તપેલાંમાં બેસી વાસણો ઘસવાં પડતાં. તેમની આ ક્રિયા જોઈને તેમનાંમાં કેટલાકને અતિ મહાન દિવ્ય વિભૂતિનાં દર્શન

થતાં ! સમૈયા પછી બ્રહ્મચારી દેવાનંદજી સાથે ધર્માદો ઉઘરાવવા જવા તૈયાર થયાં. ધર્માદો ઉઘરાવી રહ્યા પછી વિજ્ઞાનાનંદજીએ સ્વામીએ સુરત આવવાની આજ્ઞા કરી. ડુંગર ભક્ત ભરૂચ આવ્યાના સમાચાર મળતાં વિજ્ઞાનાનંદજીએ એક ભક્ત સાથે ધોતિયું તથા મમરાની પ્રસાદી મોકલી. ગામડાંમાં ફરતા ડુંગર ભક્ત તમામ સેવા કરતાં. ચોક વાળવો, પાણી ભરવું, ભંડારની સેવા કરવી, કથા ટાણે કીર્તનો બોલવા. સૌ સંતોને તેમનો બહુ ગુણ આવ્યો. આખા દિવસની અનેક પ્રકારની સેવાને લીધે અત્યંત શ્રમ લાગતો. વળી વહેલા ઊઠી ઢાઢર નદીએ નાહવા ગયા. બહાર નીકળતાં જ મૂર્છાવશ થઈ ગયા. સૌ તમને મંદિરમાં લઈ આવ્યા. બ્રહ્મચારીએ કહ્યું : 'હવે આટલો પરિશ્રમ ન લેશો અને થોડું મોડું નાહવું.' આમ બધા ગામડાં ફરતાં ફરતાં ત્રણ માસે સુરત પહોંચ્યા. **મનન :** સેવા કરવાથી સૌનાં મન જીતી શકાય છે. સૌ રાજી થાય છે. મહારાજને તપ વહાલું હતું. તેથી તપ પણ કરવું જોઈએ.

૪. **'अस्मिन् संप्रदाये एकमेव' (૧૫૬-૧૫૭)** વડોદરામાં સ્વામીશ્રી અને સચ્ચિદાનંદ બ્રહ્મચારી રંગાચાર્ય પાસે ભણતા હતા. સ્વામીશ્રી એક દિવસ માટે પણ બહાર જાય તે રંગાચાર્યને ગમતું નહિ. સ્વામી જેવો વિદ્યાર્થી તેમને ક્યારેય મળ્યો ન હતો. સ્વામીશ્રીમાં ભગવાન સહજાનંદ પ્રત્યેની જે પરાભક્તિ હતી અને ભક્તિરસમાં તરબોળ બની તદ્વત્‌ભાવને પામી જવાની જે અભીપ્સા હતી. તે તેમને અદ્વિતીય લાગી. દરેક સૂત્રના અન્વેષણમાં, ગીતાના દરેક શ્લોકના ભાષ્યમાં સ્વામી અને શ્રીજીના સ્વરૂપના પ્રતિપાદન કરતાં ગૂઢ તત્ત્વો શોધી સ્વામીશ્રી રંગાચાર્ય પાસે મૂકતા, ત્યારે રંગાચાર્ય અવાક્ થઈ જતા ! પુરાણોની પરાવાણીમાંથી ભગવાનના સ્વરૂપનિરૂપણનાં સૂત્રો શોધી કાઢવા માટેની દૃષ્ટિ તેમની પાસે ન હતી. તેઓ સમજતા હતા કે જે ભક્તમાં કેવળ સર્વ સ્થળે ભગવાનને જ જોવાની દૃષ્ટિ હોય તેની પાસે જ શાસ્ત્ર સમજવાની દૃષ્ટિ હોય. શ્રુતિઓમાંથી અને સૂત્રોમાંથી ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરતા અર્થ જ્યારે સ્વામીશ્રી રજૂ કરતા ત્યારે તેમને થતું કે આ માત્ર સાધુ જ નથી, પરંતુ ગુપ્ત વેશે પોતાની સેવા અંગીકાર કરવા વિદ્યાર્થી-સ્વરૂપે કોઈ મહાન ઈશ્વર-સ્વરૂપ પોતાની પાસે અભ્યાસ કરે છે ! આ જ ભાવથી તેઓ ઘણી વખત બોલતા "अस्मिन् संप्रदाये एकमेव" ગઢપુરમાં મહિધર શાસ્ત્રીનો પરાજ્ય કર્યો તે વખતે પણ આ જ શબ્દો વિહારીલાલજી મહારાજને કહ્યા હતા. **મનન :** દરેક સ્થળે કેવળ ભગવાનને જ જોવાની દૃષ્ટિ હોય તો જ શાસ્ત્રના શબ્દોનો સાચો અર્થ સમજાય. જેણે સમ્યક્ પ્રકારે ભગવાનને રાખ્યા હોય તે જ શાસ્ત્રના ગૂઢ તત્ત્વો શોધી શકે, સમજી શકે, સમજાવી શકે.

૫. **બળદ આ બાજુ ખેંચી લાવ્યા (૬૨૩-૬૨૫)** નડિયાદના રામચંદ્રભાઈની યોગીપુરામાં જમીન હતી. તેઓ ઘણુંખરું ત્યાં જ રહેતા હતા. તેમને કેટલીક વ્યવહારિક ઉપાધિ આવી હતી. રામચંદ્રભાઈ, પુત્ર ઝવેરીલાલ, માતૃશ્રી મણીબા મૂંઝવણ ટાળવા સ્વામીશ્રીને સંભારીને ભજન કરવા લાગ્યા. ત્યારે ઝવેરીલાલે કહ્યું : 'અત્યારે સ્વામીબાપા જો પધારે તો બધી મૂંઝવણ ટળી જાય અને શાંતિ થઈ જાય.' ત્યારે રામચંદ્રભાઈએ કહ્યું : 'સ્વામી તો ગોંડલ તરફ વિચરે છે. આપણે તો ભજન કરી અરજી નાખો.' ત્યાં ડમણિયામાં સ્વામીશ્રી આવ્યા. સૌનું હૈયું ભરાઈ ગયું. રામચંદ્રભાઈ પ્રાર્થના કરવા લાગ્યા 'આપે અમારી પ્રાર્થના સાંભળી ખરે ટાણે દર્શન દઈ અને અમારી ટેક રાખી.' સ્વામીશ્રીએ કહ્યું : 'અમારે યજ્ઞપરેથી બારોબાર ઈશ્વરપરે જવું હતું. બળદને ઘણા ખેંચ્યા, પણ તમે કાંઈક સંભાર્યા હશે એટલે આંહીં ખેંચી લાવ્યા.' બાપા ! આપે અત્રે આ વખતે પધારી અમને નવજીવન આપ્યું. નહિ તો આજે શું થાત તેની સમજણ પડતી ન હતી.' સ્વામીશ્રી - 'મહારાજ તો પોતાના ભક્તની સર્વ પ્રકારે રક્ષા કરે છે. માટે આપણે ચિંતા, ઉપાધિ વગેરેનો ભાર તેમને માથે નાખી દેવો અને ભજન કરવું. બીજે દિવસે રામચંદ્રભાઈને આણંદ આવવાનું કહીને નીકળી ગયા. **મનન :** તું મારી જકરમાં તો હું તારી ફકરમાં. આપણે ભગવાન અને સંતના થઈને રહીએ તો આપણી બધી ચિંતા તેમને માથે રહે છે. તેઓ આપણા સુખ-દુઃખના સાથી બની રક્ષા કરે છે.

**પ્ર.૧૦નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **મહાપુરુષદાસ :** ૧. મહાપુરુષદાસના સમાગમથી યજ્ઞપુરુષદાસને તત્ત્વે સહિત ભગતજી મહારાજનો મહિમા સમજાયો. ૬૯

૨. કોઠારી બેચર ભગતને આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજી મહારાજ પાસે ફરી દીક્ષા અપાવી મૂળ નામ જ મહાપુરુષદાસજી અપાવ્યું. ૨૮૯-૨૯૦

૩. બોચાસણ પારાયણમાં તેમની સંશયવૃત્તિનું નિરાકરણ થતા સ્વામીશ્રી સમક્ષ 'છાના છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાના એવાં......' ચાર પદ બનાવી મુજરા કર્યા. ૩૩૦

૪. બોચાસણ સ્વામીની વાતોના પારાયણમાં પ્રશ્નોના ઉત્તર કરી સૌને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠા દૃઢ કરાવતાં. ૩૩૬

૫. સર્વોપરી ભગવાન આજે સ્વામીશ્રીને વશ વર્તે છે. ૪૬૫

૬. મહાપુરુષદાસ બોલી ઊઠ્યા : 'લાકડાનો ભારો મળે, આનંદ છે રે લોલ, શુકન થાય સારા, આનંદ છે રે લોલ.' ત્યારે સ્વામીશ્રી તેમને વઢ્યા. ૪૬૮-૪૬૯

૭. ચાણસદમાં સ્વામીશ્રીના સાનિધ્યમાં દેહત્યાગ. ૪૭૨-૪૭૩

**વ્યક્તિત્વ :** સર્વોપરી નિષ્ઠા પ્રર્વતાવવાની ધગશ - યજ્ઞપુરુષદાસજી પોતાનાથી નાના હોવા છતાં તેમનામાં ગુરુભાવ દૃઢ કર્યો હતો.

## ૨. કુંજવિહારીપ્રસાદ :

૧. પાંડે મથુરાપ્રસાદના વચલા દીકરા - અતિ ધર્મિષ્ઠ અને શ્રીજીની સર્વોપરી નિષ્ઠાવાળા- ભક્તિના સંસ્કાર હોવાથી ધ્યાન, માળા, માનસી પૂજા વગેરે નિયમિત કરતા - સંપ્રદાયની પ્રથાના સંપૂર્ણ જાણકાર- આચાર્ય પુરુષોત્તમપ્રસાદના ધામમાં ગયા પછી બધી જ રીતે ગાદીને લાયક હોવા છતાં કોઈપણ કારણસર તેમને ગાદી ન મળતાં ત્રણ વર્ષના બાળક વાસુદેવપ્રસાદને ગાદી આપી દત્તખત થઈ ગયું. - સાથે તેમણે અમદાવાદમાં ન રહેવું, તેવો મનાઈ હુકમ પણ તેમના વિરુદ્ધ બહાર પડ્યો. ૨૧૯-૨૨૦

૨. વઢવાણમાં મંદિર થાય તો અક્ષરપુરુષોત્તમ મહારાજ બેસારવાની સંમતિ નિર્મળદાસ સાધુને આપી. ૨૨૨

૩. વઢવાણ વિરુદ્ધ મૂળીની સભા નિષ્ફળ થતાં કુંજવિહારીપ્રસાદને થયેલું આશ્ચર્ય ૨૪૧

૪. મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઈશાનંદ બ્રહ્મચારી અને મોડજી દરબાર દ્વારા અક્ષરપુરુષોત્તમ વિરુદ્ધના શબ્દોથી અંતઃકરણ ફરી જતાં શાસ્ત્રીજી મહારાજના હરિભક્તો તરફથી રજૂઆત 'સ્વામીએ તમને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવાની શરતે જ મદદ કરી છે. હવે વચનભંગ કરશો તો મહારાજ અને સ્વામીના દ્રોહી ઠરશો.' છેવટે બાજુના મંદિરમાં મૂર્તિઓ પધરાવી- ઉપાસનાનો દિગ્વિજય થયો. ૨૪૩-૨૪૪

૫. સંવત ૧૯૬૧ ના વસંત પંચમીના દિવસે વઢવાણમાં મૂર્તિ સ્થાપના દિને સ્વામીશ્રીને આમંત્રણ - અક્ષરપુરુષેત્તમની ઉપાસનાનો સત્ય સિદ્ધાંત સ્વામીશ્રીએ સૌને સમજાવ્યો - કુજવિહારીપ્રસાદ મહારાજે કોઠારી બેચર ભગતન, જેઠા ભગત, ધોરી ભગત, અને લલ્લુ ભગતને દીક્ષા આપી અનુક્રમે મહાપુરુષદાસજી, નિર્ગુણદાસજી, અક્ષરપુરુષદાસજી, અને સંતદાસજી નામ આપ્યા. ૨૮૭-૨૮૯,૨૯૦

**વ્યક્તિત્વ :** ધર્મ પરાયણ જીવન - સંપ્રદાયની સંપૂર્ણ પ્રથાના જાણકાર - છતાં સાચી વાતનો નિડરતાથી સામનો કરી શકતાં ન હોવાથી મધ્ય મંદિરના બદલે બાજુના ખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ પધરાવવી પડી. શાસ્ત્રીજી મહારાજને વિશે ભાવવાળા હતા. તેથી પાટોત્સવમાં સ્વામીશ્રીને બોલાવે છે. સંતોને દીક્ષા પણ આપે છે.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજનો રાજીપો થાય તો શું આપે છે ? (૩૨/૧૧૩)

જ. શ્રીજીમહારાજનો રાજીપો થાય તો તેને બુદ્ધિયોગ આપે કાં રૂડા સાધુનો સંગ આપે છે.

૨. શ્રીજીમહારાજ ખરેખરા સત્સંગી થવાનો કયો ઉપાય બતાવે છે ? (૯/૧૦૦)

જ. 'એવા સત્સંગી તો, તો થવાય જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થવાય.'

૩. અક્ષરધામમાં જવા અને શ્રીજીમહારાજની સેવામાં રહેવા શું કરવું ? (૧૨/૧૦૧)

જ. મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.

૭૦૨

૪. કયા પાંચ વચનામૃત ગુણાતીતાનંદ સ્વામીએ ફરી વંચાવ્યાં ? (૧૩/૧૦૨)

જ. પ્રથમનું ત્રેવીસમું ને મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ ને અમદાવાદનું બીજું ને ત્રીજું વચનામૃત સ્વામીએ ફરી વંચાવ્યાં.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. મોટા સંતની દૃષ્ટિ ક્યારે થાય ? અને ક્યારે ન થાય ? (૨૫/૧૧૦)

જ. દૃઢ ધર્મ હોય તથા આત્મા-પરમાત્માનું અતિ દૃઢ જ્ઞાન હોય તથા પંચવિષયમાં અતિશે દૃઢ વૈરાગ્ય હોય તથા પુરુષોત્તમ ભગવાનની માહાત્મ્ય જ્ઞાને સહિત અનન્ય ભક્તિ હોય, તેને માથે દૃષ્ટિ થાય છે, પણ દેહાભિમાની માથે દૃષ્ટિ થાતી નથી. ને તે વિના કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે તે અંતે નહિ જ રહે, એમાં કોઈ સંશય નથી.

૨. આજ્ઞાએ કરીને થતી પ્રવૃત્તિના ભેદ સમજાવો. (૭/૯૮-૯૯)

જ. આનંદ સ્વામીએ કહ્યું જે, 'જેમ તમે કહો તેમ કરીએ.' ત્યારપછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું ત્યારે ક્રિયા થાય ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને પાછી હાથ વૃત્તિ વાળું ત્યારે સુખ થાય.' પછી સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું જે, 'તમે કેમ કરો ?' ત્યારે એ બોલ્યા જે, ક્રિયા કરવાને જોવા જાઉં તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ જ દેખાય.' ત્યારે મહારાજે પૂછ્યું જે, 'પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય એ સર્વેને માન્યામાં આવતું નથી.' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનો કરીએ ને તીરમાં જેમ લીંબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે એટલે તે વૃત્તિ જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.

૩. અસત્પુરુષને વિશે શું રહ્યું છે ? (૧૭/૧૦૫)

જ. જો અશુભ દેશ, કાળ, સંગ, ક્રિયા, શાસ્ત્ર, મંત્ર, દીક્ષા ને દેવતા એ આઠ અશુભનો યોગ થાય તો મહારાજને ને બીજા અવતારાદિકને વિષે સમભાવ કરાવી નાખે અને આજ્ઞાને વિષે ગૌણપણું દેખાડી દે ને મોટા સાધુને ને સત્સંગમાં ગડબડગોટા વાળતો હોય એ બેયને એકપણે કરી મૂકે ને ભગવદીને વિષે દોષ દેખાડી દે, એ આઠ દેશાદિક તો અસત્પુરુષને વિષે રહ્યા છે.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

> **નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **લાખ મણ લોઢાનો ગોળો રજ થઈ જાય. (૩/૯૬-૯૭) દૃષ્ટાંત :** તે ધામમાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ, તે વાને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે ત્યારે રજ ભેળો રજ થઈ જાય, એટલે છેટું છે, પણ જો આંહી અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારો જે, 'આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય,' તો તત્કાળ જાય. **સિદ્ધાંત :** જેનો સંબંધ થયો હોય તેના જેવા થવા. ભાદરામાં વશરામ સુથારના સંકલ્પે કીડીઓની સદ્‌ગતિ થઈ ગઈ. અહીં સ્વામી સંબંધનો મહિમા સમજાવે છે.

૨. **ગરુડની પાંખમાં મચ્છર (૩૧/૧૧૩) દૃષ્ટાંત :** ગરુડ પૃથ્વી ઉપર આવ્યો હોય ને તેની પાંખમાં મચ્છરિયું બેસી જાય તો કેટલો પ્રયાસ પડે ? ત્યારે કહ્યું જે, 'કાંઈ પ્રયાસ પડે નહિ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ગોપાળાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે તો ગરુડ જેવા છે, તેની પાંખમાં આપણે બેસી ગયા છીએ, માટે કાંઈ ચિંતા ન રાખવી.' **સિદ્ધાંત :** મોટોપુરુષ મળ્યા છે. તો તેમને મૂકવા નહિ. તેમની આજ્ઞા રૂપી પાંખમાં બેસી જવું એટલે કે આજ્ઞા સારધાર પાળવી. તો કાંઈ કસર રહેશે નહિ.

૩. **સમુદ્રમાં ચાલ્યા જતા વહાણના દૃષ્ટાંતે સ્વામી શું કહે છે ? (૨૯/૧૧૨)**
**દૃષ્ટાંત :** જેમ સમુદ્રમાં વહાણ ચાલ્યું જતું હોય તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે, આ આપણા જેવો મચ્છ છે તે ચાલ્યો જાય છે, પણ જેવું વહાણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો-કરોડો રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે, તેને જાણી શકતો નથી. **સિદ્ધાંત :** મૂર્ખ અને મૂઢમતિ જીવ માછલાં જેવા અજ્ઞાની હોય છે. તેઓ મહારાજ અને મહારાજના સંતના સામર્થ્યને ઓળખી ન શકવાથી પોતાના જેવા જ જાણે છે. એ જ એમનું અજ્ઞાન છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણના અને ૧ ગુણ સમજૂતિના આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે પ્રમાણ આવતાં હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **ઉપેન્દ્રાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી પાસે નિષ્કપટપણે વર્ત્યા તો તેમનો કામ દોષ બળી ગયો. (૩૩/૧૧૪)**
**પ્રમાણ :** 'વિશ્વાસ તો હોય, તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંત વાત છે.' **સમજૂતિ :** ઉપેન્દ્રાનંદ સ્વામીને સ્વામીશ્રીમાં વિશ્વાસ પણ હતો ને નિષ્કપટપણે સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તાયા તો સ્વામીએ તેમના દોષ પળવારમાં ખેંચી લીધા.

૨. **'ભગવાન બધે જુએ છે' એવા વિચારથી બાળકે એકાંતમાં પણ સફરજન ન ખાધું. (૧૫/૧૦૪)**
**પ્રમાણ :** 'યો વેત્તિ યુગપત્સર્વં પ્રત્યક્ષેણ સદા સ્વતઃ।' (ભાષાંત્તર : જે એક સાથે, સર્વ જીવ-પ્રાણીમાત્રના આશયને પ્રત્યક્ષપણે, કશા પણ આધાર સાધન વિના સદાકાળ જુએ-જાણે છે.)
**નોંધ : પરીક્ષાર્થીએ કોઈપણ એક લખ્યું હોય તો પણ પૂરા ગુણ આપવા,**
**સમજૂતિ :** ભગવાન કણકણમાં સર્વત્ર વ્યાપક છે. તેવી જેની સમજણ હોય તે ભગવાન બધું જ જુએ છે. તેવું માને છે. ફક્ત માનતા નથી પણ અનુભવે પણ છે. અને તે રીતે જ વર્તે છે.

૩. **ઠાસરાના ગિરધરભાઈ જ્યારે ભગતજી મહારાજમાં જોડાયા ત્યારે જ મહારાજનું સાચું સુખ અનુભવ્યું. (૨૦/૧૦૭-૧૦૮)**
**પ્રમાણ :** જેમ ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે પણ દૂધનું સુખ આવે નહિ, તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે.
**સમજૂતિ :** ગાયના આખા શરીરમાંથી ફક્ત આંચળમાંથી જ દૂધનું સુખ આવે છે. તેમ આ બધોય સત્સંગ તો મહારાજનું શરીર છે. પણ જે મોટા એકાંતિક સાધુ છે. તે દ્વારા જ મહારાજનું સુખ છે.

૪. **હરિભક્તો ભક્તિભાવથી સ્વામીશ્રીને અનેક સારા પદાર્થો અર્પણ કરે છે પણ સ્વામીશ્રીને તેનું બંધન થતું નથી. (૨૭/૧૧૧) પ્રમાણ :** જેમ જળકૂકડીને જળ લોપે નહિ, તેમ એવા પુરુષ માયામાં આવે તોય માયા લોપી શકે નહિ, તથા જેમ જળકાતરણી માછલું છે તે જાળમાં આવે નહિ, કેમ જે, બેય કોરે અસ્ત્રા જેવી ધાર હોય તે જાળને કાપીને નીસરી જાય, તેમ એવા સમર્થ પુરુષ હોય તે અનંત જીવને માયા પર કરી મૂકે એવા છે. **સમજૂતિ :** જે પ્રત્યક્ષ મહારાજ અને પ્રત્યક્ષ સંતનો યોગ થયો હોય તેને સર્વે વાતે સાનુકુળ છે. તે કદાપિ માયાના પેચમાં લોપાય જ નહિ.

❑ ❑ ❑